શ્રી ઉમિયા માતાજી-સિદસર

# ઉમિયાધામની અટારીએથી

ઉમિયાધામ સિદસર

૦૯ સપ્ટેમ્બર ૨૦૨૬

અંક ૨૦

## જન્માષ્ટમીના પાવન પર્વે ઉમિયાધામ સિદસર ખાતે ભાવિ ભક્તોની ભીડ આશરે ૧૫૦૦૦ ભક્તજનોએ મા ઉમાપ્રસાદ લઇ ધન્યતા અનુભવી





ઉમિયાધામ – સિદસર દ્વારા જન્માષ્ટમીના પાવન પર્વ નિમિત્તે મા ઉમિયાના દર્શનાર્થે પધારેલા યાત્રિકો અને દર્શનાર્થીઓ માટે શ્રીમતી વિજયાબેન જીવનભાઈ ગોવાણી ઉમાવાટિકા પાર્ટી પ્લોટ ખાતે ભોજન પ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.જન્માષ્ટમીના પવિત્ર પર્વે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ મા ઉમિયાના દર્શનાર્થે ઉમિયાધામ ખાતે પધાર્યા હતા. આ પ્રસંગે રસોડા સમિતિ તથા વ્યવસ્થા સમિતિના સભ્યો દ્વારા સુચારૂ આયોજન સાથે ભોજન પ્રસાદની સેવા કરવામાં આવી હતી.મા ઉમિયાના જયઘોષ સાથે ભોજન પ્રસાદ વિતરણની શુભ શરૂઆત કરવામાં આવી હતી. દૂર-દૂરથી આવેલા યાત્રિકો અને દર્શનાર્થીઓએ ભાવપૂર્વક પ્રસાદ ગ્રહણ કરી આ સેવાકીય આયોજનનો લાભ લીધો હતો.

## સાઉથ બોપલમાં પાટીદાર મહિલા સત્સંગ મંડળ દ્વારા નંદ મહોત્સવની ભવ્ય ઉજવણી.....





સાઉથ બોપલ સ્થિત સાયપ્રમ સોસાયટીમાં પાટીદાર મહિલા સત્સંગ મંડળ દ્વારા જન્માષ્ટમીના પવિત્ર પર્વ નિમિત્તે રાત્રિના સમયે નંદ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.ધાર્મિક ભાવના અને ભક્તિમય વાતાવરણ વચ્ચે યોજાયેલા આ કાર્યક્રમમાં સોસાયટીના બહોળી સંખ્યામાં સભ્યો ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા. નંદ મહોત્સવ દરમિયાન ભજન-કીર્તન તથા ધાર્મિક કાર્યક્રમો સાથે સૌએ શ્રીકૃષ્ણ જન્મોત્સવની આનંદભેર ઉજવણી કરી હતી.આ સમગ્ર કાર્યક્રમમાં પાટીદાર મહિલા સત્સંગ મંડળની બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઇ સુંદર આયોજન કર્યું હતું. સોસાયટીના સભ્યોની ઉપસ્થિતિથી સમગ્ર વાતાવરણ ભક્તિમય અને આનંદમય બની ગયું હતું.

## ઉમિયાધામ-સિદસર પ્રતિભા સન્માન સમારોહ-2026

શ્રી ઉમિયાધામ-સિદસર પ્રેરિત શિક્ષણ સમિતિ દ્વારા દર વર્ષે સૌરાષ્ટ્રના કડવા પાટીદાર પરિવારના જુદા-જુદા ક્ષેત્રમાં સિદ્ધિ પ્રાપ્ત કરેલ પ્રતિભાવંત ભાઇઓ-બહેનોનો સત્કાર સમારંભ યોજવામાં આવે છે. એ પરંપરા મુજબ આ વર્ષે ઓગષ્ટ-2025 પછી યોજાયેલ જાહેર પરિક્ષાઓ/સ્પર્ધાઓમાં નીચે મુજબની સિદ્ધિ પ્રાપ્ત કરેલ સમાજના પ્રતિભાવંત વ્યક્તિઓને સન્માનિત કરવામાં આવશે.

- ધોરણ-10 તથા ધોરણ-12 (તમામ માધ્યમ/ બોર્ડ/ પ્રવાહ)માં 90% થી વધારે ગુણ પ્રાપ્ત કરનાર
- કોઇપણ વિદ્યાશાખામાં સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ 70% થી વધારે ગુણ પ્રાપ્ત કરનાર
- UPSC, GPSC, Ph.D., CA, CS
- MS, MD, MBBS, BAMS, BHMS, BDS વગેરે જેવા તબીબી ક્ષેત્ર
- રમત-ગમત, કલા-સાહિત્ય, વિજ્ઞાન જેવા અન્ય ક્ષેત્રોમાં રાજ્ય/રાષ્ટ્રીય કક્ષાએ સ્થાન પ્રાપ્ત કરનાર
- રાજ્યપાલ/રાષ્ટ્રપતિ એવોર્ડ પ્રાપ્ત કરનાર

ઉપરોક્ત સિદ્ધિ પ્રાપ્ત કરનારે આપેલ QR કોડ સ્કેન કરી ઓનલાઇન અરજી કરવાની રહેશે. આવેલ દરેક અરજીઓમાંથી ઉચ્ચ ગુણાંકન મેળવેલ પ્રથમ અને દ્વિતિય ક્રમની પસંદગી કરી ઉમિયાધામ, સિદસર ખાતે માતાજીના સાનિધ્યમાં સન્માનિત કરવામાં આવશે. પસંદગી પામેલ વ્યક્તિઓને સંસ્થા તરફથી અધિકૃત રીતે જાણ કરવામાં આવશે. આ સમગ્ર પ્રક્રિયા ઓનલાઇન રહેશે. ઓફલાનઇ આવેલ, સમય મર્યાદા બાદ આવેલ તથા અધુરી અને અમાન્ય વિગતો વાળી અરજીને ધ્યાનમાં લેવામાં આવશે નહીં જેની દરેકે ખાસ નોંધ લેવી.

**આપેલ QR કોડને સ્કેન કરી ઓનલાઇન અરજી કરવી.**

**અરજી કરવાની છેલ્લી તારીખ 10/10/2026**

ટેકનીકલ હેલ્પલાઇન નંબર (સાંજના 7:00 થી 9:00) મેહુલભાઇ કાસુન્દ્રા – 95104 77773

| શ્રી ભરત અમૃતિયા | શ્રી બી. એસ. કૈલા |
|---|---|
| મંત્રી, શિક્ષણ સમિતિ | અધ્યક્ષ, શિક્ષણ સમિતિ |
| શ્રી ઉમિયા માતાજી મંદિર - સિદસર | શ્રી ઉમિયા માતાજી મંદિર - સિદસર |

## ભાયાવદર જનકલ્યાણ સેવા ટ્રસ્ટ દ્વારા ૪૫૦ કીટ અને ૧૭૦ સ્કૂલ બેગનું વિતરણ....




ભાયાવદર જનકલ્યાણ સેવા ટ્રસ્ટ દ્વારા વતનપ્રેમી દાતાશ્રીઓના સહયોગથી જરૂરિયાતમંદો માટે માનવસેવાનું ઉમદા કાર્ય કરવામાં આવ્યું હતું. સંસ્થાના સ્થાપક અને પ્રેરણાસ્ત્રોત શ્રી ગીરીશભાઈ રણછોડભાઈ સીણોજીયા (અમેરિકા)ના માર્ગદર્શન હેઠળ જરૂરિયાતમંદ પરિવારો તથા વિવિધ વૃદ્ધાશ્રમોમાં મીઠાઈ-ફરસાણની કુલ ૪૫૦ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.આ ઉપરાંત જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ૧૭૦ સ્કૂલ બેગનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ ટ્રસ્ટના શિવણ ક્લાસમાં તાલીમ લેતી બહેનો દ્વારા તૈયાર કરાયેલા કપડાં પણ જરૂરિયાતમંદોને અર્પણ કરવામાં આવ્યા હતા.કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રના મહાનુભાવો ઉપસ્થિત રહી સંસ્થાના સેવાકાર્યને બિરદાવ્યું હતું. ટ્રસ્ટીગણ, સંયોજક રેખાબેન એન. સોલંકી તથા સમગ્ર સ્ટાફની મહેનતથી કાર્યક્રમ સફળ રહ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના પ્રમુખ શ્રી બિપીનકુમાર એન. માકડિયા દ્વારા કરવામાં આવ્યું હતું.




## દાતા ટ્રસ્ટી શ્રી અરવિંદભાઈ પાણ પરિવાર સાથે મા ઉમિયાના દર્શને




આજ રોજ દાતા ટ્રસ્ટી શ્રી અરવિંદભાઈ પાણ (રાજકોટ) પરિવાર સાથે ઉમિયાધામ સિદસર ખાતે પધારી મા ઉમિયાના દર્શન કરી પૂજન-અર્ચના કરી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે પરિવારજનો સાથે માતાજીના આશીર્વાદ મેળવી સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી. ઉમિયાધામ પરિવાર દ્વારા તેમનું ભાવપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું.



## ૮૦ વર્ષ પૂર્ણ થતા નિવૃત્ત આચાર્યશ્રી બટુકભાઈ વિરમગામાએ માતાજીના ચરણોમાં રૂ. ૨૨૨૨/- અર્પણ કર્યા....

મૂળ ગામ ગીંગણી અને હાલ જામજોધપુર નિવાસી તથા શ્રી તાલુકા શાળા નં. ૧, જામજોધપુરના નિવૃત્ત આચાર્યશ્રી બટુકભાઈ વિરમગામાએ પોતાના જીવનના ૮૦ વર્ષ પૂર્ણ કર્યા છે.

સરકારશ્રીના નિયમ મુજબ ૮૦ વર્ષની વય પૂર્ણ થતાં પેન્શનમાં ૨૦ ટકાનો વધારો મળતાં તેમણે આ પ્રસંગને સેવા અને શ્રદ્ધા સાથે જોડીને વધારાની પેન્શનમાંથી રૂ. ૨,૨૨૨/- માતાજીના ચરણોમાં અર્પણ કરી ધન્યતા અનુભવી હતી.તેમની આ શ્રદ્ધા અને સેવાભાવ બદલ ઉમિયાધામ પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. મા ઉમિયા તેમના જીવનમાં સુખ, શાંતિ, સ્વાસ્થ્ય અને સમૃદ્ધિ અર્પે તથા દીર્ઘાયુ જીવનના આશીર્વાદ આપે તેવી શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.




## શ્રી ઉમા વરિષ્ઠ પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા "સ્નેહ મિલન" અને મેડીકલ ચેકઅપ કાર્યક્રમ





શ્રી ઉમા વરિષ્ઠ પરિવારની શરૂઆત તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ ૧૦૮ સભ્યો સાથે કરવામાં આવી હતી. આજે આ પરિવારના સભ્યોની સંખ્યા વધીને ૬૧૬ થઈ છે. ટ્રસ્ટ દ્વારા દર મહિને સભ્યો માટે ભોજન સાથે સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે.તા. ૩૦ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ઉમા ભવન ખાતે શ્રી ઉમા વરિષ્ઠ પરિવારનું પાંચમું સ્નેહ મિલન યોજાયું હતું. આ પ્રસંગે વોકહાર્ટ હોસ્પિટલના ડૉ. હાર્દિક ધમસાણીયા (MS, Orthopedic) દ્વારા હાડકાંની ઘનતા (Bone Density) માપવા માટે નિઃશુલ્ક ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે જ હાડકાંને સ્વસ્થ રાખવા માટે જરૂરી કાળજી અને જીવનશૈલી અંગે ઉપસ્થિતોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ ઉપરાંત ડૉ. હાર્દિક ધમસાણીયાના ધર્મપત્ની ડૉ. જીંકલ ધમસાણીયા (ગાયનેકોલોજિસ્ટ) દ્વારા મહિલાઓને થતા વિવિધ રોગો તથા મહિલાઓના સ્વાસ્થ્ય અંગે જરૂરી કાળજી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.શ્રી ઉમા વરિષ્ઠ પરિવાર ટ્રસ્ટ દ્વારા સામાજિક સેવા અંતર્ગત વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ પણ કરવામાં આવે છે. જેમાં વૃક્ષારોપણ, જળસંચય, ફિઝિયોથેરાપી સેવા, પેરામેડિકલ સાધનોની સેવા, વ્યસનમુક્તિ અભિયાન, સ્કીલ ડેવલપમેન્ટ, છાશ કેન્દ્ર સહિતની પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. જરૂરિયાતમંદ ૭૨ વિધવા બહેનોને રાશન કીટનું વિતરણ પણ કરવામાં આવ્યું છે.



શ્રી ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ-સિદસર

# ઉમિયા પરિવાર

ઉમિયાધામ સિદસર

## દીપોત્સવી અંક વિ.સં. ૨૦૮૨

### લેખકોને

દીપોત્સવી અંક માટે લેખો, વાર્તા, કાવ્ય આવકાર્ય છે. આપનું સર્જન રાજકોટ **ઉમાભવન** ખાતે અથવા umiyaparivar25@gmail.com પર **તા. ૨૦-૦૯-૨૦૨૬** રવિવાર સુધીમાં મોકલી આપવા વિનંતી.

### જાહેરાત દાતાશ્રીઓને

આપણું સામયિક **'ઉમિયા પરિવાર'** ૨૫,૦૦૦ થી વધુ પાટીદાર કુટુંબોમાં દર મહિને પહોંચે છે. આપના વ્યવસાયની આ માધ્યમ દ્વારા ખૂબ જ બહોળી પ્રસિદ્ધિ કરી શકો છો. આ રીતે આપ સમાજ સેવામાં આપનું પરોક્ષ યોગદાન પણ આપી શકો છો. શુભેચ્છા જાહેરાતના દર દીપોત્સવી અંક માટે નીચે મુજબ રહેશે.

| | | | |
|---|---|---|---|
| **ટાઈટલ ડબલ પેજ** ₹.૭૦,૦૦૦/- (બુક થયેલ છે) | **બેક સાઈડ ટાઈટલ ૪** ₹.૩૫,૦૦૦/- (બુક થયેલ છે) | **ટાઈટલ ૨, ૨A ટાઈટલ ૩, ૩A** ₹.૩૦,૦૦૦/- (બુક થયેલ છે) | |
| **અંદરનું આખુ પેજ** સાઈઝ : ૧૫ x ૨૧.૩ સે.મી. ₹.૨૪,૦૦૦/- | **અંદરનું અડધુ પેજ** સાઈઝ : ૧૫ x ૧૦.૫ સે.મી. ₹.૧૨,૦૦૦/- | **અંદરનું ક્વાર્ટર પેજ** સાઈઝ : ૭.૩ x ૧૦.૫ સે.મી. ₹.૬,૦૦૦/- | **ક્લાસિફાઈડ જાહેરાત** સાઈઝ : ૭ x ૫ સે.મી. ₹.૩,૦૦૦/- |

- જાહેરાતના મેટરની ડીઝાઈન પાર્ટીએ તૈયાર કરી **તા. ૧૦/૧૦/૨૦૨૬, શનિવાર** સુધીમાં આપવાની રહેશે.
- જાહેરાતની સાઈઝ : ફુલ પેઈજ (૧૫ x ૨૧.૩ સે.મી.), અડધુ પેઈજ (૧૫ x ૧૦.૫ સે.મી.), ક્વાર્ટર પેઈજ (૭ x ૧૦.૫ સે.મી.) ની રહેશે.
- જાહેરાતનું પેમેન્ટ **'શ્રી ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ-સિદસર'** ના નામના બેંક ચેકથી અથવા ઓનલાઈન પેમેન્ટથી કે રોકડેથી જાહેરાતની મેટર સાથે આપવાનું રહેશે.
- ઓક્ટોબર-નવેમ્બર માસના સંયુક્ત અંક તરીકે દીપોત્સવી અંક **તા. ૫ નવેમ્બર ૨૦૨૬** ની આસપાસ પ્રકાશિત થશે.

### વિશેષ વિગત માટે સંપર્ક

**શ્રી ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ**
સિદસર-૩૬૦ ૫૩૦. તા. જામજોધપુર, જિ. જામનગર.
મો. ૮૮૬૬૨ ૭૪૪૩૫, ૮૮૬૬૨ ૭૪૭૩૫
Web. : www.umiyadhamsidsar.org
E-mail : umasidsar2001@yahoo.com

**શ્રી ઉમિયા માતાજી મંદિર-રાજકોટ કાર્યાલય**
**માતુશ્રી જેઠીબેન ગોરધનભાઈ ગોવાણી ઉમાભવન-રાજકોટ**
ઉમાપાર્ક શેરી નં. ૧, ઉમિયાજી માર્ગ, આલાપ એવન્યુની બાજુમાં,
યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૫. મો. ૯૨૬૫૬ ૩૦૭૯૬
E-mail : umiyaparivar25@gmail.com

**ઓનલાઈન યોગદાન જમા કરવા માટેની બેંક વિગત**
**શ્રી ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ સિદસર - રીંગ રોડ રાજકોટ શાખા**

Bank Name : YES BANK
A/c. No. : 047594600002351
IFSC Code : YESB0000475